# સાબરડેરીના ચેરમેનપદે મહેશભાઈ પટેલ, વાઈસ ચેરમેન પદે જયંતિભાઈ પટેલની વરણી

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના લાખ્ખો પશુ પાલકોના વિશ્વાસના પ્રતીક સમાન અને હજ્જારો કરોડો રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી સાબરડેરીના ચૂંટાઈ આવતા ગુજરાત સહીત સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના સહકારી રાજકારણમાં ભૂકંપ સર્જાયો હતો. જેઠાભાઈ પટેલના ટેકેદારો અને સમર્થકોમાં સોપો પડી આશાવાદ જન્મ્યો છે.

સાબરડેરીની મંડળની મુદ્દત પૂર્ણ થઈ ગઈ હોવા છતા ફરીથી ચૂંટણી ન કરાતા રિટના આધારે કસ્ટોડિયનની નિમણૂક ૧ ફેબ્રુઆરી



ચેરમેન-વાઈસ ચેરમેન ચૂંટણી સોમવારે સાબરડેરીના હોલમાં યોજાયેલી ચૂંટણીમાં સાબરડેરીના બે વખત અધ્યક્ષ રહી ચૂકેલા જેઠાભાઈ પટેલ ચેરમને પદ પર ત્રીજી વાર દબદબો જાળવી રાખી સાબરડેરી પર કબ્જો જાળવી રાખશે તેવું નક્કી મનાઈ રહ્યું હતું ત્યારે સહકારી ક્ષેત્રના રાજકારણમાં ભારે ઉલટફેર જોવા મળ્યો હતો અને ધી.સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેંક.લી ના ચેરમેન મહેશભાઈ અમીચંદ ભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે જયંતીભાઈ પટેલ ગયો હતો. બંને જીલ્લાના લાખ્ખો પશુપાલકોએ ચેરમેન તરીકે મહેશભાઈ પટેલની નિમણુંકને વધાવી લીધી હતી.

સાબરડેરીમાં મોટા-પાયે ભ્રષ્ટાચાર થતો હોવાની અનેક બૂમો ઉઠી હતી ત્યારે સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલની આગેવાનીમાં ઉત્તરોત્તર સતત પ્રગતિ કરતી હોવાની સાથે ખેડૂતો અને પશુપાલકોના હીતમાં કામ કરતી હોવાથી સાબરડેરીના ચેરમેન પદે મહેશભાઈ પટેલની નિમણુંકથી પશુપાલકોમાં નવો ૨૦૧૮મા કરવામાં આવી હતી. ૧૬ વિભાગોની ચૂંટણી કરવા અદાલતમાં કેસ દાખલ કર્યા હતા. સર્વોચ્ચ અદાલતમાં મુદ્દત પડતા ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે ચૂંટણી જાહેર કરી દેવામાં આવી હતી. પછી ૮મી માર્ચે ચૂંટણી કરવાનું નક્કી કરાયું હતું, જેમાં વડી અદાલતે સ્ટે આપ્યો હતો. મામલે સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ થઈ હતી. હવે એક વર્ષ બાદ સમાધાન થતા ચૂંટણી યોજાય રહી છે. અગાઉ ચૂંટણી ઝોન પ્રમાણે યોજાતી હતી પણ તેને તાલુકા પ્રમાણે યોજવા માટે એક વર્ષથી વિવાદ ચાલી રહ્યો હતો. હાઈકોર્ટે પણ અગાઉની પદ્ધતિથી ચૂંટણી યોજવાનો હુકમ કર્યો હતો. સુપ્રીમ કોર્ટમાં કરેલી પીઆઈએલ પાછી ખેંચીને જૂની પ્રક્રિયા પ્રમાણે ચૂંટણી યોજવા સહમતિ સધાઈ હતી. કાયદાકીય ગૂંચમાં ફસાયેલી ચૂંટણી જાહેર થતા ગુજરાતના અને સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં લોકપ્રિય અને સહકારી અગ્રણી તરીકે જાણીતા સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે સાબરડેરી જંગમાં એન્ટ્રી થતા નવાજૂનીનાં એંધાણ વર્તાય હતા.

સાબરડેરીની ચૂંટણીમાં સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના મહેશ પટેલ અને જેઠાભાઈ પટેલે ઉમેદવારોને સમજાવીને ૧૨ બેઠકો બિનહરીફ કરી હતી. જેઠાભાઈ એક્સસ્લ્ - ગુજરાત કોપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન આણંદ ચેરમેન રહી ચુક્યા છે રાજ્યના કૃષિ પ્રધાન આરસી ફળદુ સાથે નિકટના સંબંધો પણ કામ આવ્યા ન હતા. ગુજરાતના સહકારી ક્ષેત્રમાં જ્યારથી રાજકીય લોકો આવ્યા છે ત્યારથી દૂધ મોંઘું થયું છે અને પશુપાલનોને વળતર ઓછું થયું છે. ભ્રષ્ટાચારના કારણે સામાન્ય પ્રજાએ મોંઘું દૂધ ખરીદ કરવું પડે છે. જો રાજકીય પક્ષના સભ્યો સહકારી ક્ષેત્રમાં કોઈ પદ મેળવી ન શકે એવો સહકાર કાયદામાં સુધારો કરવામાં આવે તો ઘણું સસ્તું દૂધ, ઘી અને બીજા વસ્તુઓ આપી શકાય તેમ છે.

## લાખો રૂપિયા ભરેલી બેગ પરત કરી સેલ્સમેને ઈમાનદારીની મિશાલ કાયમ કરી

સુરત,તા.૧૮

સુરતના ઉમરા વિસ્તારમાં રહેતા દિલીપ પોદ્દાર પાર્લેપોઈન્ટ ખાતે આવેલ કાપડના શો રૂમમાં સેલ્સમેન તરીકે કામ કરે છે અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્રણ દિવસ અગાઉ દિલીપ ઘરેથી પોતાના શોરૂમ પર જતો હતો. આ દરમિયાન તેને કચરાપેટીની બાજુમાથી એક થેલી નજરે પડી હતી. શરુઆતમા તેને એમ હતુ કે, થેલીમા મોબાઈલ હશે. જેથી તેને થેલી ઉચકી તેની તપાસ કરી હતી. તપાસ કરતા તે આશ્ચર્યમાં મૂકાયો હતો કારણ કે, થેલીમા મોબાઈલ નહિ પરંતુ રોકડા ૧૦ લાખ રૂપિયા હતાં. દિલીપે રૂપિયા મળવાની પોતાના પાડોશીઓને કરી હતી . બાદમાં રસ્તા પરથી રૂપિયા દસ લાખ મળ્યા હોવાની વાત વાયુવેગે પ્રસરતા આ વાત પોલીસ સુધી પહોચી હતી. અને પોલીસનો કાફલો દિલીપના ઘરે પહોંચ્યો હતો.

## મેઘરજના ઝરડા ગામના એક માર્ચે શહીદ થયેલા યુવકના પરિવારજનો હજુ સુધી સરકારી સહાયનું ફદીયું પણ ન ચુકવતા આક્રોશ

મેઘરજ, તા. ૧૮

અરવલ્લીના મેઘરજ તાલુકાના ઝરડા ગામના વતની અને જમ્મુના લેહમાં ફરજ બજાવતા ખુશાલસિંહ ઠાકોરનું એક માર્ચના રોજ ફરજ દરમિયાન થયેલ બરફ વર્ષામાં હિમશીલા દરમીયા બરફની શીલા નીચે દબાઈ જતા વીરગતિ પામ્યા હતા.



ખુશાલસિંહ ઠાકોરને પરિવારમાં પત્ની અને બે દીકરા છે. વીરગતિ પામેલ ખુશાલસિંહ ઠાકોરની પત્નીનો આક્ષેપ છે કે સરહદ પર મા ભોમની રક્ષા કરતા જે પ્રાણ ન્યોછાવર કરે છે તેમના વારસદારોને સરકારી સહાય મળે છે પરંતુ આજદિન સુધી કોઈજ સરરકારી સહાય મળી નથી કે કોઈ સરકારી અમલદાર તેમને મળવા પણ આવ્યું નથી ત્યારે ખુશાલસિંહના નાના બાળકોના પાલન પોષણ અને અભ્યાસ માટે તેમનો હવે કોઈજ આધાર નથી જેથી દેશની રક્ષા કરતા કરતા પોતાના પ્રાણનું બલીદાન આપનાર સૈનિકના પરિવારજનોને સરકારી મદદ મળે એવી વીરગતિ પામેલ ખુશાલસિંહ ઠાકોરની વિધવા પત્નીની માંગ છે સાથે સાથે મોડાસા બાયપાસ ચારરસ્તા પર શહિદ સ્મારક બનાવવાની માંગ કરી છે.

જો કોઈ સરકારી સહાય નહીં મળે તો આગામી ૨૩ એપ્રીલના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી કરવાની પણ ચીમકી શાહિદ ખુશાલસિંહની પત્નીએ ઉચ્ચારી હતી.

## લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરતા બેનેરો લગાવાતા વિવાદ

વડોદરા,તા.૧૮

વડોદરા શહેરના નિઝામપુરામાં દલિતોના સ્મશાનની જગ્યામાં લઘુમતી બિલ્ડર ગૃપ દ્વારા કન્સ્ટ્રક્શન સાઈટ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક લોકો દ્વારા બાંધકામ અટકાવવામાં નહીં આવે તો લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરતા બેનેરો લગાવાતા વિવાદ સર્જાયો છે. સ્થાનિક રહીશો દ્વારા શરત ભંગ અને અશાંતધારાના ભંગની રજૂઆત સાથે કલેક્ટરને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું. વડોદરા મહાનગર સેવા સદનના માજી મેયર ભરત શાહે જણાવ્યું હતું કે, નિઝામપુરા વિસ્તારમાં સાનિધ્ય સોસાયટીમાં દલિત સમાજના લોકો રહે છે. આ ઉપરાંત તેની આસપાસ સુર્યોદયનગર, પુનિત પાર્ક, ભવાનીપુરા, તપોવન વિગેરે મળી ૭૦ સોસાયટીઓ આવેલી છે.

## અરવલ્લીમાં કોંગ્રેસ લઘુમતી મોરચાએ ન્યુઝીલેન્ડ આતંકી હુમલાના હત્યારાને ફાંસીની માંગની રજુઆત

મોડાસા, તા. ૧૮

ન્યૂઝીલેન્ડની બે મસ્જિદ પર ગોળીબાર કરી ૫૦ લોકોને મોતને ઘાટ ઉતારનાર અને ઓસ્ટ્રેલિયન નાગરિક બ્રેન્ટન હેરિસન ટૈરન્ટની ધરપકડ કરી લેવામાં આવી હતી. આતંકવાદી હુમલાથી સમગ્ર



અનેક લોકોને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનાવનાર મુખ્ય શંકાસ્પદ ૨૮ વર્ષીય વિશ્વમાં અને મુસ્લિમ સમાજમાં ઘેર પ્રત્યાઘાતો પડ્યા હતા. અરવલ્લી જીલ્લા કોંગ્રેસના લઘુમતી મોરચાએ આતંકવાદી ઘટનાને શખ્ત શબ્દોમાં વખોડી કાઢી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી હત્યારાને જાહેરમાં ફાંસીની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લા માઈનોરિટી ચેરમેન કાદરઅલી સૈયદ અને લઘુમતી સમાજના અગ્રણીઓએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યુઝીલેન્ડમાં મસ્જિદ પર થયેલા હિચકારા કૃત્ય માનવતા વિરોધી છે અને બર્બરતા સમાન હોવાથી ઝડપાયેલા આતંકવાદી અને હુમલામાં સંડોવાયેલા જાહેરમાં ફાંસી( મૃત્યુ દંડ)ની સજા કરવામાં આવે અને આ કૃત્ય પાછળ સંડોવાયેલા તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓને આતંકવાદી જાહેર કરી ખુલ્લા પાડવાની માંગ કરી હતી.

## ખેડબ્રહ્મા સેલિંગના નામે બોગસ બીલ પર વેપાર કરતો ઈસમ ઝપડપાયો

ખેડબ્રહ્મા, તા. ૧૮

ધોળાં દિવસે સેલીંગ નામે ઠગાઈ કરી હતી મૂખ્ય સુત્રધાર જીએસટી ચોરીનું મોટું કોભાડ માલસામાન સાથે ઝડપી પાડી ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધ્યો હતો.

આ બાબતે રાજસ્થાન પોલીસ ઘર વપરાશનો માલ સામાન ભરી ગામડાના લોકોને સેલિંગના નામે કૂપનો આપી ક્રેશ કરવી આધાર-પુરાવા વગરનો સેલ ટેક્સ અને



કર્યાની રાવ એસટી ટ્રાન્સપોર્ટ પાર્સલ કરીને પણ પણ માલની ફેરફારી કરી રહ્યા છે. વેપારીઓ રાત્રી દરમિયાન ઘરે ઘરેથી શોધી લઈને કર્યા જેલના હવાલે.

ખેડબ્રહ્મા શહેરમાં ગેરકાયદેસર બિલ વગરનો માલ વેચતો ઈસમ સક્રિય થયા હોવાની બાતમી જિલ્લા એલસીબી પોલીસને મળી હતી. જે આધારે એલસીબી પોલીસે ખેડબ્રહ્માના ખેડવા ગામ નજીક ચેકિંગ દરમિયાન ૭ ગાડી સાથે ૯ ઈસમોને બિલ વગરના ઈલેક્ટ્રોનિક અને ઘરવપરાશના અગાઉ પણ તપાસ માટે આ વેપારીને પુછપરછ માટે રાજસ્થાન લઈને ગઈ હતી, પણ ટેક્સ ચોરી કરવા ટેવાયેલા વેપારીએ બધુ ન ગણકારતા ધંધો ચાલું જ રાખીને એલસીબીના હાથે ઝડપાઈ ગયો. ટ્રાન્સપોર્ટમાં આવેલ તમામ માલ અને એસટી પાર્સલમાં મોકલવામાં આવેલા માલની વિગત અને માહિતી મેળવવામાં આવે તો હજુ મોટું કૌભાંડ બહાર આવે તેમ છે.

સાબરકાંઠા જિલ્લા એલ.સી.બી.ને બાતમી મળી હતી કે ખેડબ્રહ્માના કેટલાક ઈસમો નાની મોટી ગાડીમાં ઈલેક્ટ્રિક અને જીએસટી વગરનો ગેરકાયદેસર માલસામાન ૪૪૯૯મા લોકોને આપી છેતરપિંડી કરી રહ્યા છે જે આધાર સાબરકાંઠા એલસીબી પી.આઈ. જે. પી. રાવ તથા સ્ટાફ દ્વારા ૧૬મી માર્ચની રાત્રે ખેડવા ગામ પાસે ચેકિંગ હાથ ધર્યું હતું. ચેકિંગ દરમિયાન સાત ગાડીઓમાં ઘરવપરાશની વસ્તુઓ તથા ઈલેક્ટ્રિક માલ સામાન મળી આવે જે અંગે પૂછપરછ કરતા કોઈ યોગ્ય જવાબ કે આધાર પુરાવા રજુ ન કરી શકતા એલસીબી પોલીસે નવ ઈસમોને ઝડપી પાડી ખેડબ્રહ્મા પોલીસના હવાલે કર્યા હતા.

## ધૂળેટીએ મહિલાઓની સુરક્ષાને લઈ રીવાબાએ એસપીને લેખિત રજૂઆત કરી

જામનગર,તા.૧૮

હોળી-ધૂળેટીના તહેવારને ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે રંગોના તહેવારમાં મહિલાઓની પજવણીની ફરિયાદો પણ ઉઠતી હોય છે. જેને ધ્યાને લઈ જામનગરમાં ગુજરાત કરણી સેના મહિલા અધ્યક્ષ રીવાબા જાડેજાએ મહિલાઓ સાથે એસપી ઓફિસ પહોંચ્યા હતા. રીવાબાએ એસપીને મહિલાઓની સુરક્ષા લઈને લેખિતમાં રજૂઆત કરી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, ધૂળેટીના તહેવારમાં જાહેરમાં રંગ ઉડાડી મહિલાઓનો માનભંગ થાય તેવી પીતે ઉજવણી થતી હોય છે. આથી જાહેરમાં રંગ ઉડાડવા પર પ્રતિબંધ મુકો તેવી અમારી વિનંતી છે. કાયદો-વ્યવસ્થાની મર્યાદામાં રહી સૌ ઉજવણી કરી શકે.

રીવાબાની રજૂઆત સાંભળી એસપીએ પણ જણાવ્યું હતું કે, આવારા તત્વો પર પગલા ભરવામાં આવશે. તેમજ આ અંગે જાહેરનામું પણ બહાર પાડવામાં આવશે. જેમાં મહિલાઓ સાથે છેડતી કરનારા શખ્સો વિરૂદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

## ખેડબ્રહ્મા કોલેજમાં ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્માની ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજમાં ૧૬-૩-૨૦૧૯ના રોજ શેઠ હરિભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને પારિતોષિક-વિતરણ, વાર્ષિકોત્સવ અને વિદાય-સમારંભ કાર્યક્રમ યોજાઈ ગયો. તેની શરૂઆત રબારી જયાબેને ગાયેલી પ્રાર્થનાથી થઈ હતી. આચાર્ય એન.ડી. પટેલે નિમંત્રિત મહાનુભાવોને આવકાર્યા હતા. એ કરાઈ હતી. ત્યારબાદ વિદ્યાર્થીવિમોના લાભાર્થી વાલીઓ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. તેમાં તેમણે વિમા-વ્યવસ્થા બદલ સંસ્થાનો આભાર માનવા સાથે વિદ્યાર્થીઓને બેદરકારીથી તથા અનિયંત્રિત ઝડપે વાહન ન હંકારવાની સલાહ પણ ભારે હૈયે આપી હતી. એ પછી વિદાય લેતાં વિદ્યાર્થીઓને અતિથિવિશેષ બ્રીજેશભાઈ ડી. પટેલ તથા સંત સ્પર્ધા, કાર્યક્રમ એન.એસ.એસ., એન.સી.સી., સત્પધારા, રમતગમત આદિ ક્ષેત્રે ઉત્તમ દેખાવ કરનાર પ્રથમ ત્રણ-ત્રણ વિદ્યાર્થીને શિલ્ડ, પુસ્તક, પ્રમાણપત્ર આદિથી સન્માનવામાં આવ્યા હતાં. એ સાથે છેલ્લાં ત્રણ વર્ષનાં શેષ્ઠ વિદ્યાર્થી તથા વર્ષ ૧૮-૧૯ના શ્રેષ્ઠ સેવકને સન્માનવામાં આવ્યા હતા. એ પછી પદ્મએવોર્ડ વિજેતા પ્રા. ડૉ. પ્રવીણ દરજીએ સમારંભના મુખ્ય




પછી પુષ્પગુચ્છ, શાલ તથા પુસ્તક દ્વારા તેમનું સ્વાગત કરાયું હતું. ત્યારબાદ ડૉ. કે.એન. બ્લોચે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક અહેવાલનું વાંચન કર્યુ હતુ. તેમાં વર્ષ દરમિયાન સંસ્થામાં થયેલ વિવિધ પ્રવૃત્તિનો તથા સંસ્થાના પ્રાધ્યાપકોએ તેમજ વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ વિધવિધ સિદ્ધિઓ ચિતાર અપાયો હતો. વિદાય લેતા વિદ્યાર્થીઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. અર્થશાસ્ત્રના વિદાય લેતા વિદ્યાર્થીઓ તરફથી આચાર્યને સ્નેહના પ્રતીકરૂપ સ્મૃતિભેટ અર્પણ શાંતિદાસજી મહારાજ (અખંડાનંદ કુટિર, ગોતા કંપા)એ આશીર્વચન પાઠવ્યાં હતા. જુદી જુદી પ્રવૃત્તિ, સ્પર્ધા, કાર્યક્રમ વગેરેમાં સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓને શિલ્ડ/પારિતોષિક/પ્રમાણપત્ર-વિતરણની તથા પીએચ.ડી./એમ.ફિલ. થયા હોય તેમને સન્માનવાની વિધિ થઈ હતી. ઉપરાંત માર્ચ-જુન, ૨૦૧૮ની યુનિ. પરીક્ષામાં બી.એ.-બી.કોમ. સેમ. ૨-૪-૬ તથા એમ.એ. સેમ. ૨-૪માં સંસ્થામાં પ્રથમ ત્રણ ક્રમાકે સર્વોચ્ચ ગુણ મેળવનાર વિદ્યાર્થીને તથા શૈક્ષણિક વર્ષ દરમિયાન વિવિધ મહેમાન તરીકે પોતાની રસાળ શૈલીમાં વિવિધ ઉદાહરણ સાથે સરસ વકતવ્ય આપ્યું હતું. સમારંભ-અધ્યક્ષ શેઠ હરિભાઈ ચૌધરીએ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. એ પછી વિદ્યાર્થીઓને પ્રેરક-લખાણ 'પાથેય'નું વાંચન તથા વિતરણ કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમમાં અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટના કારોબારી-સભ્યો તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. અંતે વિદ્યાર્થી-પરિષદ સમિતિના સહસંયોજક ડૉ. એ.બી. બ્રહ્મભટ્ટે આભારવિધિ કરી હતી.

## ચૂંટણી પ્રચાર માટે ધાર્મિક સ્થળોનો ઉપયોગ કરી શકાશે નહી

ભારતના ચૂંટણી આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની તા.૧૦-૩-૨૦૧૯ના રોજ જાહેરાત થયેલ છે. તે મુજબ બનાસકાંઠા જીલ્લામાં સદરહુ ચૂંટણી માટે મતદાન તા.૨૩-૪-૨૦૧૯ના રોજ યોજાનાર છે અને મતગણતરી તા.૨૩-૫-૨૦૧૯ના રોજ હાથ ધરાનાર છે. તેમજ આ ચૂંટણીની તમામ પ્રક્રિયા તા.૨૭-૫-૨૦૧૯ના રોજ પુરી થનાર છે. તે અનુસાર ભારતના ચૂંટણી આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આદર્શ આચાર સંહિતાનો અમલ કરવા આપેલ સુચનાઓ મુજબ ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચારના ઉપયોગ પર નિયંત્રણ રાખવાની જરૂર છે.

ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ધાર્મિક સ્થળોનો ચૂંટણી પ્રચાર માટે ઉપયોગ કરવામાં આવે તો તેનાથી જાહેર જીવનને સમસ્યાઓ ઉભી થવા સંભવ છે. ચૂંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચુંટણીતંત્ર પ્રયત્નશીલ છે. જેથી ધાર્મિક સ્થળોનો ચૂંટણીલક્ષી પ્રચાર માટે ઉપયોગ ન થાય તે માટે નિયંત્રણો મુકવા જરૂરી હોવાથી સંદીપ જે. સાગલે (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા-પાલનપુરને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ આથી ફરમાવે છે કે, બનાસકાંઠા જિલ્લામાં આવેલ કોઈપણ મંદિર, મસ્જિદ, ચર્ચ, ગુરૂદ્વારા અથવા કોઈપણ ધાર્મિક પ્રાર્થના સ્થળોનો ચૂંટણીલક્ષી ભાષણો કે ચૂંટણીના કોઈપણ પ્રકારના હેતુ માટે તા.૧૦-૩-૨૦૧૯ થી તા.૨૩-૫-૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાન ઉપયોગ કરી શકાશે નહિ. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

## પાક વીમો ન ચુકવાતાં કાંકરેજ તાલુકાના ખેડૂતોએ મામલતદાર કચેરીમાં આવેદનપત્ર આપ્યું

કાંકરેજ, તા. ૧૮

કાંકરેજ મામલતદાર કચેરીમાં શ્રીમતી રાજપૂતને આપ્યું આવેદનપત્ર. વર્ષ ૨૦૧૭/૧૮માં બેંકો એ ખેડૂતો પાસેથી પાક વિમાનું કચેરીમાં દોડી આવ્યા હતા અને આવેદનપત્ર આપ્યું હતું અને પોતાના પાક વીમા યોજનાનું વળતર ચૂકવવા માંગ કરી હતી. જોકે દેનાબેન્ક સ્ટેટ બેન્ક બેંક ઓફ બરોડા સહીત પાક



પેમેન્ટ કાપી નાખ્યું હતું પરંતુ આજ સુધી પાક વિમાનું વળતર ન ચુકવણું કરતાં કાંકરેજ કિસાન સંઘના આગેવાનો શિહોરી મામલતદાર વીમાનું પ્રીમિયમ કાપતી બેંક મેનેજરને પણ લેખિતમાં રજુઆત કરી હતી ત્યારે હવે લોકસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીકમાં આવી રહી છે ત્યારે ખેડૂતો પોતાની માંગ ઉપર અડગ ઉભા રહીને સરકાર સામે ન્યાયની માંગણી કરી રહ્યા છે ત્યારે ખરેખર શું આવી રાષ્ટ્રીય કૃત બેંકો જ ખેડૂતો સાથે અન્યાય કર્યો છે ત્યારે સરકારના બની બેઠેલા નેતાઓ ચુપચાપ તમાશો જોઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે અને અગાઉ પણ ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે ત્યારે ગુજરાત સરકારના મંત્રી દિલીપ ઠાકોરને મીડિયા દ્વારા ખેડૂતોના પાક વીમા યોજનાના વળતર અંગે પ્રશ્ન કરવામાં આવ્યો હતો ત્યારે તેમને કહ્યું હતું કે અમારે બેંકો સાથે વાત ચાલુ છે પરંતુ હજુ સુધી ખેડૂતોને પાકવીમાનું વળતર ન ચુકવણું કરતાં ખેડૂતો માટે મહા મુસીબતોનો સામનો કરવો પડી રહ્યો છે.

## અરવલ્લી જિલ્લા પોલીસ જુગારીઓ અને બુટલેગરો પર ત્રાટકી

મોડાસા, તા. ૧૮

મોડાસા ટાઉન પોલીસે મોડાસા કસ્બા વિસ્તારમાં મોટી મસ્જીદ નજીક ગલીમાં ખુલ્લેઆમ જુગાર રમતા જુગારીઓ પર ત્રાટકી જુગાર રેડમાં ૪ આરોપીઓને દબોચ્યા. ૪ શકુનિઓ રફુચક્કર થઈ જવામાં સફળ રહ્યા હતા. ભિલોડા પોલીસે ડોડીસરા ગામમાં કોમ્બિંગ હાથ ધરી ડુંગર પર, કોતરો અને ખેતર નજીક ઝાડી-ઝાંખરામાં ૨ બુટલેગરે સંતાડી રાખેલો વિદેશી દારૂનો ૧.૦૬ લાખનો વિદેશીદારૂ જપ્ત કરી શખ્ત કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લામાં જુગારધામ અને વરલી-મટકાની બદીએ અને આંકડાની રમત તથા દેશી-વિદેશી દારૂની હાટડીઓ ધમધમી રહી છે. જીલ્લામાં અસામાજિક બદીએ માજા મુકતા જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શખ્ત કાર્યવાહીના આદેશ આપતા જીલ્લા પોલીસતંત્ર વાઈબ્રન્ટ બન્યું હતું.

મોડાસા ટાઉન પી.આઈ. નાગજી રબારી અને તેમની ટીમે મોડાસાના કસ્બા વિસ્તારમાં મોટી મસ્જીદની ગલીમાં ખુલ્લામાં હારજીતની બાજી દાવ પર લગાવી બેઠેલા શકુનિઓ પર ત્રાટકતા માસુમ યાકુબભાઈ ચગન, મુસ્તુફા ઉર્ફે મુસ્તુ ગુલુભાઈ ગેણા, ઝાકીરહુસેન ઈબ્રાહિમ ભાઈ બુલા, મુસ્તાક ગુલામહુસેન પટેલ (તમામ રહે. મોડાસા)ને દબોચી લઈ રોકડ રકમ રૂ.૧૫૩૦૦/-, મોબાઈલ નંગ-૨ કીં. રૂ.૨૦૦૦/- તથા જુગારના સાધનો પત્તા નંગ-૫૨ મળી કુલ રૂ.૧૭૩૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ રેડ જોઈ નાસી છૂટેલા અજગર ઉર્ફે જુબેર ઈકબાલભાઈ સુથાર, ઈમ્તિયાઝ ઉર્ફે છીકણી ગુલુભાઈ સુથાર, રશીદ હબીબભાઈ શેખ તથા આરીફ ઉર્ફે બમ્બૈયો વિરુદ્ધ જુગારધારા કલમ-૧૨ કલમ મુજબ ગુન્હો નોંધી ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા પોસઈ મહેશ સંગાડા અને તેમની ટીમે ડોડીસરા ગામે કોમ્બિંગ હાથ ધરી પ્રભુદાસ રૂપાજી બળેવા ખેતરમાં નીતિન પાઉલભાઈ બળેવાએ અને ઝાડી-ઝાંખરામાં સંતાડી રાખેલી વિદેશી દારૂની પેટી-૧૬ કીં. રૂ.૫૧૦૦૦/- , પ્રભુદાસ રૂપાજી બળેવા ઘરની પાછળ ડુંગરની તળેટીમાં વિદેશી દારૂ રૂ. ૨૫૭૦૦/- તથા સજ્જન ઉર્ફે રાજુ પ્રભુદાસ બળેવાએ ઘરની પાછળ અને ડુંગરની કોતરમાં છુપાવી રાખેલ વિદેશી દારૂ રૂ. ૩૦૦૦૦/-નો ઝડપી પાડ્યો હતો હોળી-ધુળેટીના તહેવારમાં પોલીસતંત્ર સક્રિય બનતા તેજીના સમયે બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો.